# Divine Darshan

Omnibeneficial Series
33

Compiled & Edited by
Rev. Narayanbhai G. Thakker





# દિવ્ય દર્શન

Shri Abjibapashrini Chhatedi
Baladia - 370 427

Shri Swaminarayan Divine Mission
Ahmedabad - 380 013

# Emblem of
# Shri Swaminarayan Divine Mission

The Emblem depicts the lotus-feet of Lord Shri Swaminarayan.
There are sixteen signs referred to in Samudrik Shashtra as the signs confirming the divine origin of God, the incarnate.

* Nine signs in the right foot.

**Swastika** stands for the auspicious Figure of God.

**Astakona** (octagon) suggests that the divine compassion is constantly flowing in all the eight directions: North, South, East, West, South-East, North-East, South-West and North-West.

**Urdhvarekha** indicates continuous progress of souls by the divine grace.

**Ankusha** (the spur) indicates that the Supreme Power, the cause of all causes controls everything and it also suggests that we must restrain the inner enemies.

**Dhwaj** (a flag) or Ketu stands for the spiritual victory of God, the absolute form of Truth.

**Vajra** (weapon of Indra) stands for the prowess of God which destroys the weaknesses of the souls and frees them from the fear of time, actions and delusions.

**Padma** (the Lotus) symbolises the tenderness and compassion of God which helps the devotee attain detachment from the mundane life, the way a lotus remains unaffected by water.

**Jambu** (rose apple) symbolises the sap of divine joy that one receives from communion with God.

**Jav** (barley) confirms that God takes care of the crops and the needs of those devotees who are in communion with Him and who perform non-violent Yajnas by offering foodgrains such as barley, sesame seeds etc. to the Holy Fire.

* Seven signs in the left foot.

**Meen** (fish) — asks us to reach God, the source of the spiritual energy, the way a fish swimming against the current, reaches the source of a stream.

**Trikona** (triangle) — symbolises liberation of the soul from the mental, physical and mundane problems and difficulties. It also stands for the need to free oneself from the trial of Ishwar, Maya and Brahman and to remain steadfast in Parbrahman the ultimate reality.

**Dhanush** (bow) — defends the faith by protecting the devotees against evil influences.

**Gopada** (foot-mark of cow) — suggests the beneficial qualities of cows as well as of the saints who are dear to God.

**Vyoma** (the sky) — signifies the infinite and detached all-pervasiveness of God.

**Ardhchandra** (the crescent) — shows that the way the moon increases slowly and gradually, one can attain perfection through patient meditation of God.

**Kalasha** (the pot at the top of a temple) — stands for the supremacy and absoluteness of God.

Keeping the divine signs depicted in the emblem of the Mission before our eyes, we have been conducting spiritual activities for the welfare of mankind through our Gnan-Dhyan-Seva programmes. We bow down to the lotus-feet of Shri Hari and pray for His divine guidance and assistance in the fulfilment of our mission.

# Divine Darshan

Omnibeneficial Series
33

Compiled & Edited by
Rev. Narayanbhai G. Thakker



# દિવ્ય દર્શન

Shri Abjibapashrini Chhatedi
Baladia - 370 427

Shri Swaminarayan Divine Mission
Ahmedabad - 380 013

**Shri Swaminarayan Divine Mission**
Omnibeneficial Series
Publication Commitee

Inspiration & Guidance
**Rev. Shri Narayanbhai G. Thakker**

©
Shri Swaminarayan Divine Mission, Ahmedabad
( Regd. No. E/4546/Ahmedabad : 1981 )

First Edition : Copies : 6000

Concessional Price : Rs. 40

Joint Publishers

**Shri Abjibapashrini Chhatedi & Hanumanji Mandir Trust**
Baladia, Dist.: Kutch
Ph. : 02832 82253

**Shri Swaminarayan Divine Mission**
8, Sarvamangal Society
Naranpura, Ahmedabad - 13
Ph. : 495220

Designed by
Shailesh Modi

Printed by
Rajkalp Mudranalaya Pvt. Ltd.
Ahmedabad.

|| સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ; ||
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

*

|| બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહધરી આઈ; ||
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

*

|| કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ; ||
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

*

|| અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ; ||
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.

સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ




પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

શ્રી ઘનશ્યામ મહારાજ - શણગાર દર્શન



શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ

શ્રી ઘનશ્યામ મહારાજ - મંગળા દર્શન



શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ

શ્રી ઘનશ્યામ મહારાજ

અ. મુ. શ્રી અબજીબાપા




શ્રી અબજીબાપાની છત્રી, બળદિયા, ભૂજ (કચ્છ)

# Dedication

We offer the flowers of faith and devotion in the form of this omnibeneficient series of books to the lotus feet of extremely merciful Anadi Muktaraj Param Pujya, **Shri Abjibapa**, who was an accomplished interpreter of the ideal and divine philosophy of Lord Swaminarayan, the incarnate God, eternally immanent and divine in Personal form and the Master of infinite Muktas who have attained the ultimate state of liberation.


Param Pujya **Bapashri** spread the supremacy of Lord Swaminarayan in all directions, made many devotees experience the highest state of Anadi Mukta, the state of an ideal perfection, and thus obliged the entire mankind by bringing light and divine joy of the Supreme Lord Shri Swaminarayan on the earth.

રહસ્યજ્ઞાન પ્રદાતા



અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

## આદ્ય સંસ્થાપક : શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન



**અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર**

|| એવા સંત મળ્યાનું સુખ શું કહું રે, કલ્પતરુ કામધેનુ ન કેવાય રે ||
|| કહે નિષ્કુળાનંદ ધન્ય સંતને રે, જેના શ્રીહરિજી ગુણ ગાય રે ||

|| સંત લક્ષણ કહે હરિ હેત શું રે, સુણો હરિજન એકમન ચિત્ત રે ||
|| સદા શુભ ગુણ શોભે ત્રીસ તનમાં રે, તેનું વિધવિધ કહું વરતંત રે ||

|| કૃપાસિંધુ ન કરે દ્રોહ કોયનો રે, ક્ષમાવંત વદન સત્ય વાણ રે ||
|| નિંદા દ્વેષ નહિ ને ઉપકાર અતિ રે, કામ રહિત જીતી છે ઇંદ્રિય જાણ રે ||

|| કોમળ નિર્મળ આચાર અતિ ઘણો રે, સંગ્રહરહિત લીયે છે લઘુઆહાર રે ||
|| શિતળ હૃદયે વિચાર પાળે ધર્મને રે, સાવધાન સદા વ્યાપે નહિ વિકાર રે ||

|| ધીર ગંભીર દયાળુ દીસે દિલના રે, ષટ ઊર્મિ ન કરે જેને ખેદ રે ||
|| માન રહિત જે દાસપણું દાખવે રે, સુણ્યા ગતિ દાતા જ્ઞાન અભેદ રે ||

|| સગા સહુના વિવેકી વિશ્વાસી વળી રે, ભ્રાંતિ રહિત હરિને પરાયણ રે ||
|| અતિ નિરાશી ઉદાસી આ સંસારથી રે, રટે નિશદિન નામ નારાયણ રે ||

|| સંપૂર્ણ લક્ષણ કહ્યાં સંતનાં રે, શ્રીમુખ વચનામૃતમાંય રે ||
|| કહ્યું શ્રીમુખે નિજાશ્રિત આગળ રે, કહ્યું નિષ્કુળાનંદે તે પદમાંય રે ||

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્‌ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો - પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર, સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિ જયંતી, ૧૮ એપ્રિલ ૧૯૮૬, અમદાવાદ

# We Believe

Shri Swaminarayan Divine Mission intends to bring out a series of books that will not only benefit the entire mankind but also enrich the lives of the people by offering them what is best in Indian thoughts and culture.

In this age of reason, the span of higher education is expanding day by day. The basic aim of higher education is to establish highest moral standards and to inculcate ethical values in life. The highest value and the loftiest goal of life is to experience the supreme joy which comes through communion with God. We hope the readers will find this series very useful in the achievement of these ultimate goals.

In a time, when the span of higher education, science and technology is continuously expanding, we want to mould them in such a way that they do not merely remain the means of producing material wealth and physical comforts, but should be best utilised for the inner development and spiritual perfection of mankind. Moreover, let us not forget that the final stage and purpose of evolution is to develop our self steadily and finally get immersed in the divine happiness of Supreme Lord.

Man has been gifted with an innate ability to develop continually to attain the divine bliss. This shows that we can strive together and create such social, economic and political conditions as are conducive to an unhampered spiritual progress and sublimation of life. To accelerate this process, we shall have to prepare literature, that inspire and assist the seekers of the divine pleasure.

For the social betterment and spiritual enrichment of the human society. Lord Shri Swaminarayan has established a universally acceptable, comprehensive philosophical system. It's a path of pure knowledge which elevates our soul and helps us attain oneness with the Supreme Lord. Vachanamrutam and Shikshapatri, are two great classics, containing the essence of the ideal philosophy of Shri Swaminarayan. In a simple but lucid and convincing language, Lord Shri Swaminarayan has tried to spread His message through these two great spiritual works. He also inspired His saints and seers, His liberated householder devotees and scholars to compose plenty of work expressing their own spiritual experiences, to contribute to the understanding of His precepts, which are beneficial to the whole of mankind.

These books contain the quintessence of the Indian view of life and they also teach the real art of living. Whether one belongs to the East or the West, each one of us will find this series useful as a spiritual guide leading us to the path of divinity, satisfying our longing for the touch of the Divine. Here, through this series, an attempt would be made to show how one can develop one's own self to attain oneness with the Lord Supreme. We are confident that the reading of this literature will help us overcome all conflicting deformities of modern life and usher in an era of peace, harmony and tranquillity.

We will incorporate in this series all positive and constructive ideas and religious tenets which are in consonance with our ideology and objectives.

In order to reach readers in different parts of India and abroad, we hope to publish this series, not only in Gujarati but also in Hindi, English and other languages.

We are hereby seeking everyone's active co-operation and assistance for the success of the Mission's activities. We pray for the divine grace of Lord Shri Swaminarayan to lead us and guide us in this great endeavour of ours.

V. S. 2043, Shri Hari Jayanti, April 18, 1986, Ahmedabad.

Humblest of Humble
**Narayanbhai G. Thakker**, Founder President
**Shri Swaminarayan Divine Mission**

# નિવેદન

શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્યવાણી 'વચનામૃત' પ્રમાણે 'દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય તો ભગવાન કે ભગવાનના મુક્તોએ જે જે સ્થાનકને વિશે લીલા ચરિત્રો કે સંભારણાં કર્યાં હોય તે જો સાંભરી આવે તો તેના યોગે કરીને ભગવાનની મૂર્તિ સાંભરી આવે તો તે જીવ મોટી પદવીને પામે ને તેનું ઘણું રૂડું થાય. કોઈક પાપી જીવ હોય ને તેને પણ જો તેમની અંત:કાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.'

વળી પ્રેમાનંદ સ્વામી રચિત કીર્તન 'આજ મારે ઓરડે રે'માં શ્રીજીમહારાજ કહે છે કે-

'મારી મૂર્તિ રે, મારા લોક, ભોગ ને મુક્ત,
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત.'
'સૌ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ,
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ.'

શ્રીજીની આ દિવ્યવાણી અનુસાર આત્માના આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ અર્થે 'કેવું જીવન જીવવું જોઈએ' એ શિખવતું અને 'શ્રીહરિના અનાદિ મુક્તનો અલૌકિક પ્રભાવ કેવો હોય છે' તેનું આબેહૂબ દર્શન કરાવતું આ સચિત્ર પ્રેરક પ્રકાશન છે. નિત્ય દર્શનીય ને સ્મરણીય આ પુસ્તકમાં 'અખંડ મૂર્તિસ્થ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી (ટૂંકા વહાલસોયા નામથી 'બાપાશ્રી')ના દિવ્ય જીવનના ૪૮ પ્રેરણાદાયી પ્રસંગોને ચિત્ર સ્વરૂપે મૂકવામાં આવ્યા છે.

'બાપાશ્રી'ના સમગ્ર જીવનને સંપૂર્ણ રીતે પ્રદર્શિત કરવું એ તો અતિ કઠીન કાર્ય છે, પરંતુ સંક્ષિપ્તમાં તેને શક્ય તેટલો વિશેષ ન્યાય આપવા અત્રે નમ્ર પ્રયાસ કર્યો છે; ચિત્ર સ્વરૂપે હોઈ એ અદ્‌ભુત સ્વરૂપને સમજવું આબાલ વૃધ્ધ સર્વને માટે સરળ બનશે. અંગ્રેજીભાષી જનો પણ સમજી શકે એ હેતુથી દરેક ચિત્ર-પ્રસંગની સમજૂતી ગુજરાતી ને અંગ્રેજી- બંને ભાષામાં આપી છે.

ભારતના એક સુપ્રસિદ્ધ ચિત્ર કલાકાર (કચ્છ-ભૂજ) અ. નિ. પ. ભ. શ્રી લાલજીભાઈ છગનભાઈ સોનીની કલમે આ કૃતિઓ આબેહૂબ સ્વરૂપમાં તૈયાર થઈ છે. તેમના પિતાશ્રી તથા તેઓશ્રી 'પ. પૂ. બાપાશ્રી'ના પ્રત્યક્ષ સેવા-સમાગમમાં આવેલા. આ પરિવાર પર 'બાપાશ્રી'નો અત્યંત રાજીપો હતો. આથી જ તેઓશ્રીના કલાસિધ્ધ હસ્તે આ ચિત્રપ્રસંગોનું સર્જન થયું. તે બદલ તેમને ખૂબ ખૂબ ધન્યવાદ!

આ ચિત્રપ્રસંગોની મૂળ કલાકૃતિઓ ભવ્ય પ્રદર્શન સ્વરૂપે તીર્થધામ બાપાશ્રીની છત્રી (બળદિયા) સ્થાને મૂકવામાં આવી છે. આ દિવ્ય પ્રદર્શન અને સચિત્ર કૃતિ પરમ દયાળુ મૂર્તિ 'બાપાશ્રી'ના પૌત્ર અ. મુ. પ. પૂ. *શ્રી જાદવજીબાપાના* આશીર્વાદ સહ, *'શ્રી અબજીબાપાશ્રીની છતેડી ને હનુમાનજીનું મંદિર ટ્રસ્ટ'*, બળદિયા– જિ. કચ્છ, અને *'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'*, અમદાવાદ– બંને ટ્રસ્ટોના સંયુક્ત ઉપક્રમે તૈયાર થયેલ છે એ જણાવતાં ગૌરવ ને ધન્યતા અનુભવાય છે. આ પ્રેરણાદાયી પ્રદર્શન કલા-રસિકો અને યાત્રાળુઓને સદાકાળ દિવ્ય આકર્ષણરૂપ બની રહેશે.

પરમ કૃપાળુ બાપાશ્રીના દિવ્ય જીવનના આ અવિસ્મરણીય પ્રસંગોને ચિરકાળ સુધી મૂર્તિમંત બનાવતી આ કલાકૃતિઓ તૈયાર કરાવવાથી માંડીને પ્રદર્શન સ્વરૂપે તેમજ સચિત્ર પુસ્તકરૂપે સર્વસુલભ બનાવવાની સેવા, સૌને સાથે રાખી, પ્રેરણા-માર્ગદર્શન આપી કરવા-કરાવવાનો યશ શ્રીહરિના ને બાપાશ્રીના લાડીલા અને આપણા સૌના આદરણીય અ. મુ. પૂ. *શ્રી નારાયણભાઈ* ઠક્કરને ઘટે છે. એ બદલ તેઓશ્રીના આપણે સૌ સદાય ઋણી રહીશું.

આ સર્વજીવહિતાવહ કૃતિ અને પ્રદર્શન તૈયાર કરવામાં પૂરતી કાળજી રાખી, ઉત્સાહપૂર્વક પરિશ્રમ ઉઠાવનાર શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનના સંનિષ્ઠ સેવકો, પ્રિન્ટર્સ, બાઈન્ડર્સ, દાતાઓ અને સેવારૂપ થનાર સર્વે પ્રત્યે આભારની ઊંડી લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમ કૃપાળુ શ્રીજીમહારાજ ને બાપાશ્રીની પ્રસન્નતા એ સૌ પર સદાય વરસતી રહે એ જ અભ્યર્થના.

સં. ૨૦૫૪, મહા વદ પાંચમ, ઇ. સ. ૧૯૯૮, ૧૬ ફેબ્રુઆરી

**– પ્રકાશન સમિતિ**
**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

# Foreword

According to 'Vachanamruta' the book of Divine Speeches of Shri Swaminarayan Bhagwan "At the time of leaving the mortal self if one fails to concentrate on Moorti, the personal form of God, but can just think of the divine sports and acts performed by God or His Muktas and thus recall Moorti, the soul reaches the spiritual heights and receives all lifes' best. Even a sinner by just remembering or thinking about those holy performances verily finds a place in God's abode."

Again, in the devotional song composed by Swami Premananda: 'Aaj Mare Orde Re', Shriji Maharaj says:

"My Moorti, My devotees, My actions and My Muktas are all Divine. See them and enjoy My Bliss.

All Haribhaktas, (Devotees) desirous of reaching My abode must serve Me with Hearts pure and total non-attachment."

Inspired by the above divine precepts, on the, 'Art of Living' and 'The Eminence of Muktas of Shriji Maharaj', we decided to publish this pictorial book revealing the state of Anadi Mukta. This will help the seekers understand the mystery and essence of that divine state.

"Seeing and recollecting this book" should become a habit with us. It not only satisfies our eyes but helps us etch permanently in our mind, 48 pictorial episodes from the life of 'Akhand Moortistha' (forever steadfast in Moorti) Anadi Mahamuktaraj Shri Abjibapa, who is fondly called 'Bapashri' by his followers and others.

It is very difficult to recapture in pictures the entire life of Bapashri. But, this is our humble attempt at presenting as vividly as possible some select episodes from his life. We hope, this pictorial book with explanations both in Gujarati and English will overcome the language barriers and help English speaking people living in India and abroad understand clearly the significance of Bapashri's life.

We remember with a sense of gratitude a wellknown artist of India, Param Bhagwadiya- late Shri Laljibhai Chhaganbhai Soni of Kutch-Bhuj whose brush made it possible for us to seeing pictures, the divine exploits of Bapashri. He and his father had the great fortune of serving Bapashri in person and Bapashri always bestowed his blessings upon this family. It is this divine grace which enabled this accomplished painter to create such rare paintings.

The original paintings could be seen at the holy place 'Bapashri's Chhatri' (Baladiya) in the form of an exhibition. It is a matter of pride and pleasure to note here that with the blessings of Param Pujya Anadi Muktaraj *Shri Jadavjibapa*, the grandson of great merciful 'Bapashri' this divine exhibition and pictorial booklet have been prepared jointly by *'Shri Abjibapashrini Chhatedi & Hanumanji Mandir Trust'*, Baladiya, Dist. Kutch and *'Shri Swaminarayan Divine Mission'*, Ahmedabad. We hope, this most inspiring exhibition will attract for ever all the pilgrims and art-lovers.

The credit for bringing into existence this art-project immortalizing the unforgettable events from the life of most gracious 'Bapashri' goes to our revered, dearest and nearest to Shri Hari and Bapashri, Anadi Mukta *Shri Narayanbhai Thakker*. For, right from the beginning to its completion he not only inspired and guided haribhaktas to contribute materially, physically and emotionally but knit them all into a team to work in perfect tune to bring this divine pictorial book and exhibition within the reach of one and all. We shall always remain indebted to him for this great spiritual gift to 'satsang' and mankind.

We would like to thank the printers, binders, donors, the selfless volunteers of Shri Swaminarayan Divine Mission and other haribhaktas who took pains and worked sincerely in preparing this omnibeneficial sacred book and exhibition. We are also thankful to Prof. Mahesh Dave for his kind assistance in putting the explanations into English.

In the end, we pray Shriji Maharaj and Bapashri to shower Their divine grace and choicest blessings upon all of them.

Samvat 2054, Maha Vad Pancham, February 16, 1998

**Publication Committee**
**Shri Swaminarayan Divine Mission**

# અનુક્રમણિકા

# Index


| અનુ. | ચિત્ર-પ્રસંગ સૂચિ | Illustrations | Page |
|---|---|---|---|
| 1. | પ. પૂ. ‘બાપાશ્રી’ના પ્રાદુર્ભાવ પહેલાં... | Before the manifestation of 'Bapashri' | 1 |
| 2. | ‘બાપાશ્રી’નો ‘વ્રતમાન’–ધારણ ને નામાભિધાન પ્રસંગ | Name giving and Initiation ceremony of 'Bapashri' | 2 |
| 3. | સમાધિસ્થ ‘બાપાશ્રી’ | 'Bapashri' in trance | 3 |
| 4. | સેવામૂર્તિ ‘બાપાશ્રી’ | Service oriented 'Bapashri' | 4 |
| 5. | મૂર્તિમાં રહી કામ કરવાની લટક... | Steadfastness in Moorti while at work | 5 |
| 6. | ‘સમાધિવાળા અબજીભાઈ’ તરીકે ઓળખ... | Popularly called 'Meditative Abjibhai' | 6 |
| 7. | ખરો સત્સંગ કોને કહેવાય? | The Essence of 'Satsanga' | 7 |
| 8. | અનાસક્ત સ્થિતિનું દર્શન | Darshan of Non-attachment state of self | 8 |
| 9. | જમાડવાનું પ્રસાદીરૂપ અંગ | Feeding people : Bapashri's first Love | 9 |
| 10. | મૂર્તિસ્થ ‘બાપાશ્રી’ની બેનમૂન સાદાઈ | 'Bapashri' - Simplicity personified | 10 |
| 11. | ‘બાપાશ્રી’ની પ્રાર્થનાથી શ્રીહરિએ દેખાડેલ દિવ્ય પ્રતાપ... | Shri Hari reveals His prowess on Bapashri's prayer | 11 |
| 12. | કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ કરતાં કરતાં તીર્થયાત્રા... | Spiritual discourses during pilgrimage | 12 |
| 13. | મુક્ત પણ શ્રીજીમહારાજ જેવા તેજોમય... | Mukta as luminous as Shriji Maharaj | 13 |
| 14. | બાપાશ્રીનો મહિમા સમજાવતા સ્વામીશ્રી | Swamishri discloses Bapashri's Spiritutal eminence | 14 |
| 15. | સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી પર અઢળક રાજીપો... | Bestowing divine joyance upon Shri Ishwarcharandasji Swami | 15 |
| 16. | અનાદિ મુક્તની કૃપાથી જ અનાદિની સ્થિતિ પમાય | Only the grace of Anadi Mukta can help us to attain his state | 16 |
| 17. | ‘બાપાશ્રી’ના સાંનિધ્યમાં દિવ્યાનંદ | Extra ordinary joy in presence of 'Bapashri | 17 |
| 18. | દિવ્ય ગ્રંથોનું સર્જન... | Creation of holy 'Scriptures' | 18 |
| 19. | શ્રીજીમહારાજ સહજ ‘બાપાશ્રી’ની પ્રાર્થના સ્વીકારતા | Shriji Maharaj readily answering Bapashri's prayers | 19 |
| 20. | અનાદિ મુક્તના સામર્થ્યની ઝાંખી... | A glimpse of the Spiritual prowess of Anadi Mukta | 20 |
| 21. | પારસમણીના જોગે કથીર કંચન બન્યું | 'Bapashri' the living Philosopher's stone | 21 |
| 22. | ‘જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ’ | Come to me and attain Salvation | 22 |
| 23. | મુક્તના દર્શનની તાણનું ફળ | Reaping the harvest of intence longing to see Mukta | 23 |

| અનુ. ચિત્ર-પ્રસંગ સૂચિ | Illustrations | Page |
|---|---|---|
| 24. ઉંદર જેવા પ્રાણીનો પણ મોક્ષ! કેવું અદ્‌ભુત સામર્થ્ય! | Even the meanest mouse become worthy of Salvation | 24 |
| 25. આનું નામ તે કૃપાસાધ્ય!... | Know the graceful | 25 |
| 26. આત્યંતિક મોક્ષનું જંગમ સદાવ્રત 'બાપાશ્રી' | 'Bapashri' the walking temple of Atyantik (Ultimate) Moksha | 26 |
| 27. આત્યંતિક મોક્ષનું સ્થાવર સદાવ્રત 'બાપાશ્રીની છત્રી' | Bapashri's Chhatri the constant source of Atyantik Moksha | 27 |
| 28. ખાલી થયેલા ડબ્બાઓ ઘીથી ભરાયા! | Empty containers got re-filled with Ghee | 28 |
| 29. અસાધ્ય રોગથી મુક્તિ! | Relived of incurable disease | 29 |
| 30. પ્રતિમામાં પ્રત્યક્ષપણાના દર્શન | Experiencing Divine Existance of God even in his icon or picture | 30 |
| 31. અલૌકિક સ્પર્શ : ખારું પાણી મીઠું થયું! | Ethereal touch: 'brackish water turned sweet' | 31 |
| 32. સાચું સુખ કોને મળે? | Who can achieve real joy? | 32 |
| 33. મુક્તના પ્રેમને વશ થતા 'બાપાશ્રી' | 'Bapashri' bound by love of Mukta | 33 |
| 34. ....અને સ્વપ્રતાપથી કષ્ટ હરવાનો વર | 'Bapashri' the reliever of pain | 34 |
| 35. અધમોદ્ધારક પરમ કૃપાળુ 'બાપાશ્રી' | Raising the fallen | 35 |
| 36. ધારે તે કરવા સમર્થ! | Nothing is impossible for 'Anadi Mukta' | 36 |
| 37. દિવ્ય સ્વરૂપે દર્શન આપી મંદવાડ મટાડ્યો | Cured illness by appearing in divine personal form | 37 |
| 38. અલૌકિક મૂર્તિની લૌકિક છબી! બંનેમાં ઐક્ય! | Ethereal form in Corporal form and yet indivisible | 38 |
| 39. બસ, એક મૂર્તિનો જ વેપાર! | I deal in 'Moorti' alone | 39 |
| 40. પ્રભુ દર્શનનું માહાત્મ્ય શિખવતા 'બાપાશ્રી' | 'Bapashri' explaining the significance of Prabhu Darshan | 40 |
| 41. ઠાકોરજીનાં દર્શન કેવી રીતે કરવા જોઈએ? | How to pay obeisance to God? | 41 |
| 42. મોટા મુક્તનો મંદવાડ કેવળ અન્યના હિતાર્થે... | Illness of Mukta is for the benefit of others | 42 |
| 43. વર્તન દ્વારા ઉપદેશ : 'બાપાશ્રી'નો મુદ્રાલેખ | Bapashri's maxim: 'Practice before you preach' | 43 |
| 44. અંતિમ વિદાયની અવિસ્મરણીય પળ... | Unforgettable last moments of Bapashri's departure | 44 |
| 45. 'બાપાશ્રી'ની યોગનિદ્રાનું કલ્યાણકારી દર્શન... | Redeeming glimpse of 'Bapashri' in Yoga-nindra or Spiritual-Sleep | 45 |
| 46. 'બાપાશ્રી'એ મનુષ્ય લીલા સંકેલી લીધી... | 'Bapashri' withdrow himself from the mundane world | 46 |
| 47. તીર્થધામ 'બાપાશ્રીની છત્રી'– મૂળ સ્વરૂપે | Bapashri's Chhatri -- 'then' | 47 |
| 48. તીર્થધામ 'બાપાશ્રીની છત્રી'– નવા સ્વરૂપે | Bapashri's Chhatri -- 'now' | 48 |





અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીના પ્રાદુર્ભાવ પહેલાં બળદિયા ગામની પાદરે આવેલી કાળી તળાવડીના કાંઠા પર બ્રાહ્મમુહૂર્તમાં માનસી પૂજા કરતાં દેવબાને શ્રીજીમહારાજ દર્શન આપી વરદાન આપે છે કે, "અમારા અનાદિમુક્ત તમારે ત્યાં પ્રગટ થશે અને અમારા સંકલ્પથી અસંખ્ય જીવનો ઉદ્ધાર કરશે."

The picture shows an event that took place before the manifestation of Bapashri. Devbaa is performing *Mansi Pooja* at dawn on the bank of Kali Talavadi -a pond on the outskirts of Baladiya. Shriji Maharaj is seen bestowing a boon upon her saying: "You will be soon blessed with a son who will redeem by Our divine will, innumerable souls and shall be revered as *Anadi Mukta.*"





ભૂજ મંદિરના નિરાવરણ દૃષ્ટિવાળા સદ્‌ગુરુ સ્વામી શ્રી અચ્યુતદાસજી, બળદિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીને રાજી થઈને વર્તમાન ધરાવતા કહે છે કે, 'આ તો અનેક જીવના કલ્યાણ કરે એવા છે.'

**Here** is shown *Anadi Muktaraj* Shri Abjibapashri being initiated into the holy order at Swaminarayan Temple, Baladiya. The initiation ceremony was performed by a saint with divine insight *Sadguru* Swami Achyutdasji of Bhuj Swaminarayan temple. While offering *Vartaman* the saint observed : "He is capable of redeeming thousands of souls."





**બાળપણથી** અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી સ્વતંત્રપણે સમાધિમાં જતા. પોતે પાંચ, દસ કે વધુ દિવસ સમાધિમાં રહેતા. દૂરદૂરથી હરિભક્તો આવી તેમની દિવ્ય સમાધિ-સ્થિતિના દર્શન કરીને અદ્દભુત શાંતિનો અનુભવ કરતાં.

**Right** from early childhood, *Anadi Muktaraj* Shri Abjibapashri could independently pass into *samadhi* (trance). He would remain in this divine state for five to ten days or more at a stretch. Devotees would cover long distances to watch this divine sight and experience marvellous peace.





નાની ઉંમરથી જ બાપાશ્રીમાં અસાધારણ સેવાના ગુણના દર્શન થતા. બળદિયા આવતા સંત-હરિભક્તોને ભાવપૂર્વક જમાડતા ને તેમની સેવા કરતા. ચિત્રમાં બાપાશ્રી સ. ગુ. લોકનાથાનંદ સ્વામી આદિ સંત-હરિભક્તોને પોતાની વાડીએ જમાડતા નજરે પડે છે.


**Even** as a small boy Bapashri revealed the quality of extraordinary service. He eagerly served and offered food to the pilgrims visiting Baladiya. Here in this picture Bapashri is seen serving food to *Sadguru* Loknathanand Swami and other saints and devotees at his own farm.





**બાપાશ્રી** ઉપશમમાં રહી કોશ હાંકે છે. દર્શને આવેલા હરિભક્તો હાથ જોડીને ઉભા છે પણ પોતાને ઘણા સમય સુધી તેની જાણ થતી નથી. દરેક ક્રિયા શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખી કરવી જોઈએ એવું પોતાના દ્રષ્ટાંતે બાપાશ્રી શીખવે છે.


In this picture, is shown, Bapashri, drawing water from a well. He performed all chores while remaining totally absorbed in God. Oblivious of the devotees standing with folded hands, Bapashri continued to work. For, while his body worked, his mind was in communion with *Moorti* of Shriji Maharaj. Thus, he taught others to remain one with Shriji Maharaj even while carrying on one's daily chores.





સં. ૧૯૧૬માં પ. પૂ. ધ. ધુ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના મંદવાડના સમાચાર સાંભળી સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા છે. ધ. ધુ. આચાર્યશ્રી 'આ કચ્છના સમાધિવાળા અબજીભાઈ છે' એમ કહી સ્વામીશ્રીને બાપાશ્રીની ઓળખાણ આપે છે.

